R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૭ ● તા. ૭મી ઓકટોબર, ૨૦૧૫ ● અંક નં. ૩૪

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એસ. બી. રાવલ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવીણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

ભારતીય સંરક્ષણ દળમાં

## યુવાનો માટે આર્મી ઓફિસર બનવાની ઉત્તમ તક

**૧૨૩મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ (TGC) (જુલાઈ-૨૦૧૬) તથા**
**આર્મી એજ્યુકેશન કોર્પ્સ(AEC)માં પરમેનન્ટ કમિશન કોર્સ (જુલાઈ-૨૦૧૬)**

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૨૭-૧૦-૨૦૧૫**

**જગાઓની કુલ સંખ્યા : ૭૦ + ૧૦**

ઈન્ડિયન આર્મી દ્વારા TGC - ૧૨૩ અને આર્મી એજ્યુકેશન કોર્પ્સ (AEC - ૧૨૩) માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે. આર્મી એજ્યુકેશન કોર્પ્સ (AEC) માટે અલગથી ઓનલાઈન અરજી કરવાની છે.

❑ **પ્રવેશનો પ્રકાર :**

❑ **૧૨૩મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ :** એન્જિનિયરીંગ ગ્રેજ્યુએટ એવા પરીણિત/અપરીણિત ભારતીય પુરૂષ નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આર્મી એજ્યુકેશન કોર્પ્સ દર્શાવવામાં આવેલા વિષયોમાં અનુસ્નાતક થયેલા ઉમેદવાર પાસેથી પણ અરજી મંગાવવામાં આવે છે.

❑ **જગાઓની સંખ્યા : ૭૦**

**(અ) એન્જિનિયરો (શાખા તથા જગ્યાની સંખ્યા) :**

| શાખાનું નામ | TGC-123 |
|---|---|
| ◆ સિવિલ | ૨૫ |
| ◆ મિકેનિક | ૧૦ |
| ◆ ઈલેક્ટ્રિકલ | ૧૦ |
| ◆ ઈલેક્ટ્રોનિકસ | ૦૫ |
| ◆ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિ./કોમ્પ્યુટર ટેકનોલોજી/ આઈ.ટી./એમ.એસ.સી. (કોમ્પ્યુટર સાયન્સ) | ૧૦ |
| ◆ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ /ટેલિ કોમ્યુ./ઈલે. એન્ડ કોમ્યુ./ સેટેલાઈટ કોમ્યુ. | ૧૦ |
| ◆ **કુલ જગ્યા** | **૭૦** |

❑ **આર્મી એજ્યુકેશન કોર્પ્સ :**

◆ **કુલ જગ્યા : ૧૦**

❑ **યોગ્યતાની શરતો :**

**(અ) રાષ્ટ્રીયતા :** ઉમેદવાર (૧) ભારતના નાગરિક, અથવા (૨) ભૂતાનના પ્રજાજન, અથવા (૩) નેપાળના પ્રજાજન, અથવા (૪) ૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલા તિબેટના નિર્વાસીત, અથવા (૫) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રીપબ્લીક ઓફ ટાન્ઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર, ઈથોપીયા જેવા પૂર્વ આફ્રિકાના દેશો અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી ધોરણે વસવાટ કરવાના ઈરાદાથી આવેલા મૂળ ભારતીય પ્રજાજન.

ઉપર જણાવેલ (૨), (૩), (૪) અને (૫) કક્ષાઓના ઉમેદવારોએ ભારત સરકાર પાસેથી યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ. નેપાળના ગુરખા પ્રજાજનો માટે આવું પ્રમાણપત્ર જરૂરી નથી.

❑ **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :**

(ક) **એન્જિનિયર્સ માટે :** એન્જિનિયરીંગ સ્નાતકના અંતિમ વર્ષમાં હોય અથવા બી.ઈ.માં ક્વોલીફાઈડ સ્નાતક હોય તેવા ઉમેદવાર અરજી કરવાપાત્ર છે. તાલીમમાં જોડાવવાના સમયે ઉમેદવાર ક્વોલીફાઈડ એન્જિનિયરીંગ સ્નાતક થયેલા હોવા જરૂરી છે. ડિગ્રી પ્રમાણપત્ર પ્રાપ્ત ન થયું હોય તેવા ઉમેદવારોએ તાલીમ પ્રારંભ થયાના ૧૨ સપ્તાહમાં ઈન્ડિયન મીલીટરી એકેડમી (IMA) ખાતે ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરી દેવાનું રહેશે. જો આવા ઉમેદવાર નિયત સમયમાં ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરવામાં નિષ્ફળ જશે તો તેઓ પાસેથી બોન્ડમાં જણાવ્યાનુસાર તાલીમનો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

(ખ) **આર્મી એજ્યુકેશન કોર્પ્સ :** જે ઉમેદવારો નીચે દર્શાવેલ વિષયોમાં એમ.એ./એમ.એસસી પ્રથમ વર્ગ અથવા દ્વિતીય વર્ગ સાથે પાસ થયા હોય તેઓ અરજી કરવાપાત્ર છે.

| વિષય | જગ્યાની સંખ્યા |
|---|---|
| **એમ.એ.-** અંગ્રેજી/ઈકોનોમિક્સ / ઈતિહાસ/ભૂગોળ/રાજ્યસાસ્ત્ર/તર્કશાસ્ત્ર/ માનસ શાસ્ત્ર/સમાજશાસ્ત્ર/જાહેર વહીવટ/ આંતરરાષ્ટ્રિય સબંધો/આંતર રાષ્ટ્રિય અભ્યાસ. | ૦૫ |
| **એમ.એસ.સી.-** ફિઝિક્સ/કેમિસ્ટ્રી/મેથ્સ./ બોટની/જીઓલોજી/ ઈલેકટ્રોનિક્સ. | ૦૩ |
| **વિદેશી ભાષા** - (એમ. એ. ઈન ચાઈનીઝ/ તિબેટન/બર્મીઝ/પુશ્તો/દારી અને અરેબિક) | ૦૨ |

❑ **વયમર્યાદા :**

(૧) **એન્જિનિયરીંગ સ્નાતકો માટે :** તા. ૧-૭-૨૦૧૬ના રોજ ૨૦ થી ૨૭ વર્ષ ઉમેદવાર ૨જી જુલાઈ, ૧૯૮૯ અને ૧લી જુલાઈ, ૧૯૯૬ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

(૨) **આર્મી એજ્યુકેશન કોર્પ્સ માટે :** તા. ૧-૭-૨૦૧૬ના રોજ (AEC) ૨૩ થી ૨૭ વર્ષ. ૨જી જુલાઈ, ૧૯૮૯ અને ૧લી જુલાઇ, ૧૯૯૩ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **પસંદગી પ્રક્રિયા :**

પસંદગી પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબની રહેશે.

❋ ડાયરેક્ટર જનરલ રિક્રૂટીંગ આર્મી હેડકવાર્ટસ ખાતે અરજીઓની પ્રાથમિક ચકાસણી અને તારવણી કરવામાં આવશે અને ડી.જી., રિક્રૂટીંગનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતે કોઈપણ રજુઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

◆ જે ઉમેદવારોની અરજીઓ યોગ્ય જણાશે અને લાયકાતની પરીક્ષામાં એકંદર મેળવેલ ગુણના આધારે તેઓની યોગ્યતા ચકાસવા અલ્હાબાદ, ભોપાલ, બેંગ્લોર ખાતે બોલાવવામાં આવશે. જયાં સાયકોલોજીસ્ટ, ગ્રુપ ટેસ્ટીંગ ઓફિસર, ઈન્ટરવ્યૂઈંગ ઓફિસર દ્વારા યોગ્યતા ચકાસવામાં આવશે. ઉમેદવારના ઈન્ટરવ્યૂ સ્થાનિક કેન્દ્રમાં થશે નહીં.

◆ SSB ઈન્ટરવ્યૂ માટે કોલ અપ લેટર ઉમેદવારના માન્ય ઈ-મેલ આઈ.ડી. ઉપર મોકલવામાં આવશે અને SMS પણ કરાશે.

◆ ઈન્ટરવ્યૂ TGC માટે જાન્યુઆરી-૨૦૧૬થી યોજાશે. AEC માટે પણ જાન્યુઆરી-૨૦૧૬થી ઈન્ટરવ્યૂ યોજાશે.

◆ ભલામણ કરવામાં આવેલા ઉમેદવારોનું મેરિટ લિસ્ટ ડી.જી. રિક્રૂટીંગના રિસેપ્શન ઉપર મૂકવામાં આવશે, સાથે સાથે આર્મીની વેબસાઈટ www.joinindianarmy. nic.in ઉપર પણ મૂકવામાં આવશે.

❋ જે ઉમેદવારો સર્વિસ સિલેક્શન બૉર્ડ ખાતે ગુણવત્તા પ્રાપ્ત કરશે અને મેડીકલ બૉર્ડ દ્વારા તેઓને શારીરિક રીતે સક્ષમ જણાવવામાં આવશે તેઓને ગુણવત્તાક્રમમાં મુકવામાં આવશે. આ જ ક્રમમાં જે તે સમયે ખાલી જગાઓની સંખ્યાના આધારે આખરી પસંદગી યાદી બનાવવામાં આવશે.

❋ **બે તબક્કાની પસંદગી પ્રક્રિયા :**

❋ સિલેક્શન સેન્ટર ખાતે સાયકોલોજીકલ એપ્ટિટયુડ ટેસ્ટ આધારિત બે તબક્કાની પસંદગી પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે. તમામ ઉમેદવારો સિલેક્શન સેન્ટર ખાતે હાજર થવાના પ્રથમ દિવસે પ્રથમ તબક્કાનો ટેસ્ટ આપશે. જે ઉમેદવારો પ્રથમ તબક્કાના ટેસ્ટમાં લાયક ઠરશે તેઓને બીજા તબક્કાના બાકીના તમામ ટેસ્ટમાં પ્રવેશ આપવામાં આવશે અને જેઓ પ્રથમ તબક્કાના ટેસ્ટમાં નિષ્ફળ જશે તેઓએ પાછા જવાનું રહેશે.

❑ **તબીબી પરીક્ષા :**

❋ સર્વિસ સિલેકશન બોર્ડે ભલામણ કરેલા તમામ ઉમેદવારોની સર્વિસ મેડિકલ ઓફિસરના બોર્ડ દ્વારા તબીબી ચકાસણી કરવામાં આવશે. મેડિકલ બોર્ડ જે ઉમેદવારોને સક્ષમ જાહેર કરશે તેઓને જ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવશે. સ્પેશીયલ મેડિકલ બોર્ડ દ્વારા સક્ષમ નહીં જાહેર કરાયેલા ઉમેદવારોને મેડિકલ બોર્ડના પ્રમુખ દ્વારા જાણ કરવામાં આવશે અને અપીલ મેડિકલ બોર્ડને વિનંતી માટેની કાર્યવાહીની જાણ પણ ઉમેદવારને કરવામાં આવશે. અયોગ્ય જાહેર કરાયેલા ઉમેદવારોએ વધુમાં વધુ ૪૨ દિવસમાં એ. એમ. બી.ને અપીલ કરવાની રહેશે.

❋ તબીબી પરીક્ષામાં સફળ થવા માટે ઉમેદવાર સારુ શારીરિક અને માનસિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ અને કાર્યક્ષમ રીતે ફરજ બજાવવામાં વિઘ્નરૂપ અપંગતાથી મુક્ત હોવા જોઈએ. ઉમેદવારને તેમના પોતાના હિતમાં કાનમાં મેલ, ડી. એન. એસ. હાઈડ્રોસીલ/ફીમોસીસ/રંગ અંધત્વ/વધુ પડતું વજન/ઓછું વજન, અવિકસીત છાતી, હરસ-મસા, ગાયનેકોમાસ્ટીયા, ટોન્સીલીટીસ અથવા વેરીકોસીલ જેવા રોગોને પ્રારંભિક તબીબી તપાસ એસ.એસ. સી. ઈન્ટરવ્યૂમાં હાજર થતાં પહેલાં કરાવી લેવી હિતાવહ છે.

❑ **ઊંચાઈ અને વજન :**

જે ઉમેદવારો પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ઊંચાઈ/વજન અને

➔

➔ દૃષ્ટિના ધોરણો ધરાવતા હશે તેઓને પ્રવેશ આપવામાં આવશે. લઘુત્તમ સ્વીકાર્ય ઊંચાઈ ૧૫૭.૫ સે.મી. છે.

❑ **દૃષ્ટિનું ધોરણ :**

(૧) લઘુત્તમ સ્વીકાર્ય દૃષ્ટિ- દૂરની દૃષ્ટિ (સુધારેલ) સુધારેલ દૃષ્ટિ ૬/૬, નબળી દૃષ્ટિ- ૬/૧૮, ટૂંકી દૃષ્ટિ-૩.૫ કરતાં વધુ નબળી ન હોવી જોઈએ.

(૨) જે ઉમેદવારોએ રેડીયલ કેરેટોટોમીનો આધાર દૃષ્ટિ સુધારણા માટે લીધો હશે તેઓને કાયમી ધોરણે રદ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારોએ લેસર સર્જરીનો આધાર લીધો હશે તેઓને ચોક્કસ ધારાધોરણોને આધિન રહીને સ્વીકારવામાં આવશે.

❑ **આઈ.એમ.એ./ઓ.ટી.એ.ખાતે શારીરિક ક્ષમતાનું ધોરણ :**

◆ આઈ. એમ.એ. ખાતેની શારીરિક તાલીમ વખતે કોઈપણ ઈજાથી બચવા માટે આશાસ્પદ ઉમેદવારોને વ્યાયામ કરવા અને પોતાને શારીરિક રીતે સક્ષમ રાખવા સલાહ આપવામાં આવે છે. આ સ્થળે સાનુકૂળ થવા માટે ઉમેદવારોને નીચે જણાવેલ લાયકાતો પ્રાપ્ત કરવા સલાહ આપવામાં આવ છે.

(૧) ૧૫ મિનિટમાં ૨.૪ કિ.મી. દોડવું. (૨) ૧૩ પુશ-અપ કરવા. (૩) ૨૫ સીટ-અપ કરવા. (૪) ૬ ચિન-અપ કરવા. (૫) ૩ થી ૪ મીટર સુધી રસ્સાચઢ

❑ **તાલીમ અને કારકિર્દીની તક :** ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ માટે પસંદગી પામેલા ઉમેદવારોને સઘન તાલીમ માટે ઈન્ડિયન મીલીટરી એકેડમી, દહેરાદૂન ખાતે મોકલવામાં આવશે.

♦ **તાલીમનો સમયગાળો :** TGC, AEC માટે એક વર્ષ

◆ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટને અજમાયશી સમય દરમ્યાન લેફ્ટનન્ટની રેંકમાં શોર્ટ સર્વિસ કમિશન આપવામાં આવશે. તાલીમ દરમ્યાન લેફટેનન્ટની કક્ષામાં પૂરો પૂરો પગાર અને અન્ય તમામ મળવાપાત્ર ભથ્થા મળી શકશે. પરંતુ તાલીમ પૂર્ણ થયા બાદ આ પગાર અને ભથ્થા ચૂકવવામાં આવશે.

◆ તાલીમ સમય દરમ્યાન ઉમેદવારને લગ્ન કરવાની મનાઈ છે તેમજ તાલીમ સ્થળે માતા-પિતા સાથે રાખી શકાશે નહીં. આઈએમએ ખાતે સઘન તાલીમ પૂર્ણ ન થાય ત્યા સુધી ઉમેદવાર લગ્ન કરી શકશે નહીં. જે ઉમેદવારો અરજી કર્યા બાદ એસએસબી ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષામાં સફળ થયા બાદ લગ્ન કરેલ માલૂમ પડશે તો તેઓનો સમાવેશ તાલીમ માટે થશે નહીં.

◆ તાલીમ સમય દરમ્યાન ઉમેદવાર જો લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરી દેવાશે તેમજ તેઓની તાલીમ પાછળ સરકારે કરેલો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

◆ આઈએમએ ખાતે ઉમેદવારોને તાલીમ સરકારી ખર્ચે આપવામાં આવે છે.

◆ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટને લેફ્ટનન્ટની કક્ષામાં પરમેનન્ટ કમિશન આપવામાં આવશે અને કમિશન આપ્યાની તારીખથી એક વર્ષની એન્ટીડેટ સિનિયોરિટી ગણવામાં આવશે.

◆ બિનઈજનેરી અનુસ્નાતકોને લેફ્ટનન્ટના દરજ્જામાં પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

◆ **એન્ટીડેટ સિનિયોરીટી :** માન્ય યુનિ./સંસ્થામાંથી/બી.ઈ./બી.ટેક થયેલ પુરૂષ ઉમેદવારોને એક વર્ષની એન્ટી ડેટ સિનિયોરીટી મળવાપાત્ર છે.

❑ **પગાર અને ભથ્થાં તથા મળવાપાત્ર અન્ય લાભ :**

તાલીમના સમય દરમ્યાન ઉમેદવારને પ્રતિમાસ રૂા. ૨૧,૦૦૦/- સ્ટાઈપેન્ડ (રૂા. ૧૫૬૦૦ મૂળ પગાર + રૂા. ૫૪૦૦ ગ્રેડ પે) મળવાપાત્ર છે. તાલીમ પૂર્ણ થયા બાદ ઉમેદવારને લેફ્ટેનન્ટની રેંકમાં કમિશન આપવામાં આવશે. પગાર ધોરણ રૂા. ૧૫૬૦૦-૩૯૦૦૦ મોંઘવારી ભથ્થાં સાથે મળવાપાત્ર છે. તદઉપરાંત અન્ય ભથ્થાઓ મળવાપાત્ર છે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ ઉમેદવારોએ આર્મીની વેબસાઈટ ww.joinindaianarmy.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવાની છે.

♦ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કર્યા બાદ રોલ નંબર સાથેનું એકનોલેજમેન્ટ દેખાશે.જો સિસ્ટમ દ્વારા રોલ નંબર દર્શાવવામાં ન આવે તો સમજવું કે ઓનલાઈન અરજીનો સ્વીકાર થયો નથી.

♦ ઓનલાઈન અરજી કર્યા બાદ ઉમેદવારોએ અરજીની અને રોલ નંબરની પ્રિન્ટ આઉટ કાઢી તેની બે નકલ કઢાવી લેવી. જે પૈકી એક કોપીમાં યોગ્ય જગ્યાએ સ્વયંની સહી કરી, ફોટો ચોંટાડી (ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવેલ), ધો.૧૦/ધો.-૧૨ ના પ્રમાણપત્રો, ડિગ્રી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે રાખી ઉમેદવારોએ સિલેકશન સેન્ટર ખાતે લાવવાની રહેશે.

♦ પ્રિન્ટ આઉટની બીજી કોપી પોતાની પાસે રાખવાની રહેશે.

♦ ઉમેદવારોએ એક જ અરજી કરવી. એક કરતા વધુ અરજી કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ થશે. ●

# NEYVELI LIGNITE CORPORATION

**Navratna - Government of India Enterprise**
**Regd. Office : 'Neyveli House' No. 135, Periyar EVR High Rd, Chennai-600 010.**
**CORPORATE OFFICE : BLOCK-1, NEYVELI-607801. TAMILNADU**
**CIN : L93090TN1956G01003507 Website : www.nlcindia.com**

**SPECIAL RECRUITMENT DRIVE FOR PERSONS WITH DISABILITIES (PWD)**

Neyveli Lignite Corporation Limited (NLC), a premier 'Navratana' Public Sector Enterprise is looking for suitable candidates with visually Impaired, Hearing Impaired & Orthopedically Impaired for the following posts :

| SL No. | Post | Grade | No.of Posts | Reserved for | Categories of the disablad suitable for jobs |
|---|---|---|---|---|---|
| 1 | Deputy Manager (HR) | E-3 | 1 | VH | B, LV |
| 2 | Hindi Officer | E-3 | 1 | VH | B, LV |
| 3 | Deputy Manager (PR) | E-3 | 1 | VH | B,LV |
| 4 | Dy. Exe. Engineer (Mechanical) | E-3 | 2 | HH / OH | OA,OL,HH |
| 5 | Dy. Exe. Engineer (Electrical) | E-3 | 1 | HH / OH | OL,HH |
| 6 | Dy. Exe. Engineer (Civil) | E-3 | 1 | HH / OH | OL,OA,HH |
| 7 | Dy. Manager (Computer) | E-3 | 1 | HH / OH | OA,OL,BL,HH |
| 8 | GET(HR) | E-2 | 3 | VH | B,LV |
| 9 | Hindi / Officer | E-2 | 3 | VH | B,LV |
| 10 | GET (PR) | E-2 | 2 | VH | B, LV |
| 11 | GET (Mechanical) | E-2 | 3 | HH / OH | OA, OL, HH |
| 12 | GET (Electrical) | E-2 | 2 | HH / OH | OL, HH |
| 13 | GET (Civil) | E-2 | 2 | HH / OH | OL, OA, HH |
| 14 | GET (Compuler) | E-2 | 2 | HH / OH | OA, OL, BL, HH |
| 15 | Assistant / Clerical | W-3 | 7 | VH | B, LV |
| 16 | JET (Mechanical) | S-1 | 5 | HH / OH | OA, OL, HH |
| 17 | JET (Electrical} | S-1 | 3 | HH / OH | OL, HH |
| 18 | JET (Clvll) | S-1 | 3 | HH / OH | OA, OL, BL, HH |
| 19 | Asst. Service Warker/Trainee | W-0A | 27<br>37 | VH<br>HH | B, LV<br>HH |

VH - Visually Impaired, OH ·Orthopachcally Impalrad, HH - Hearnig Impaired, B - Blind, LV - Low Vision, OA - One Arm, OL-One Leg. BL - Both Leg.

For full details, regarding educational, qualification, area / length of experience, age limit, selection method, and General Conditions etc., please refer detailed Advertisement in the NLC www.nlcindia.com

**IMPORTANT DATES :** Date of commencement of Registration and Submission of Applications online in NLC website www.nlcindia.com **07.10.2015 (10:00 Hours)**

Last date for Registration and Submission of Applications online in NLC website : www.nlcindia.com 27.10.2015 (17:00 Hours)

Last date for receipt of Hard Copy or Applications (Print out of Registration cum Application Form after applying online) at Recruitment Cell 03.11.2015 (17:00 Hours)

**Note :** In case any Ambiguity / Dispute arises on account of interpretation in Hindi Version, English Version will prevail. ●

# KANDLA PORT TRUST

(ADVERTISEMENT NO. GA/PS/9014/09/2015)

Special Recruitment Drive for PWDs

Applications are invited for the following posts reserved for Persons With Disabilities as shown against each with last date of receipt on or before **26/10/2015**.

1. **Divisional Accountant**: - 1 Post (PwD) Locomotor or **Cerebral Palsy (OA, OL, OAL)** Pay Scale Rs. 21000-53500, Age: 21-26 years, Qualification: (i) Should be a graduate and have passed Intermediate Examination of ICWA or ICA. They have to undergo on the job training for three months and pass Departmental Examination prescribed for the purpose during the probation period.
2. **Jr. Stenographer**: - 1 post (PwD) Locomotor or Cerebral **Palsy (OA, OL, OAL)** Pay Scale Rs.17700-44600, Age:18-28 years, Qualification: (i)Should be a graduate having sufficient knowledge in computer in Office Automation software like MS Word and MS Excel etc. with six months certificate course in computers. (ii) Should have a speed of 80 wpm in Shorthand in English and 40 wpm speed in typing on computer in English. Preference shall be given to those who have proficiency both in English and Hindi Stenography and Typing on computers. (iii) Proficiency in Stenography and Computer Operation shall be judged through shorthand test and test on computer in MS Word, MS Excel etc.
3. **Jr.Clerk**:- 1 Post (PwD) Locomotor or Cerebral Palsy (OA, **OL, OAL)** Pay Scale Rs 16300-38200, Age: 18-28 years, Qualification: (i) Graduate having sufficient knowledge in computers in Office Automation software like MS Word, MS Excel etc. with six months certificate course in the computers (ii) The proficiency in computers shall be judged through typing test etc. on computer in MS Word, MS Excel etc.
4. **Assistant Outdoor Clerk** :- 1 Post (PwD) Locomotor or **Cerebral Palsy (OA, OL)** Pay Scale: Rs. 15600-36800, Age:18-25 years, Qualification: (i) SSC
5. **Office Attendant Gr-III** :- 2 Posts (PwD) 1 for Locomotor or Cerebral Palsy (OA, OL) & 1 for Visually Handicapped **(PB)** Pay Scale: Rs. 13500-27400, Age: 18-25 years, Qualification: Middle school standard. Working knowledge of English, desirable. **General** : Upper age limit is relaxable by 10 yrs for the Persons With Disabilities. Disability means a person suffering from not less than 40% of any disability as certified by a Medical Authority. Apart from Salary in the Pay Scales attached to the posts other benefits like HRA, LTC, Medical, Transport etc. will be admissible as per KPT Rules. Applications preferably typewritten with all relevant details of age, educational qualification, experience, caste with a photograph affixed on it, along with attested copies of all certificates in the prescribed profoma may be sent by post so as to reach the Secretary, Kandla Port Trust, Administrative Office, Gandhidham, Kutch, Gujarat Pin: 370 201, on or before **26/10/2015.** Candidates already in Government service or in Public Sector Undertakings must apply through proper channel.

*Abbreviations: OA-One Arm affected
OL- One Leg affected
OAL- One Arm and one Leg affected
PB-Partially blind.

Secretary

Post Applied for ___________________

1. Name of Candidate :
 (In Block Letters)
2. Correspondence Address :
3. Contact Telephone No. / :
 Mobile No., if any
4. Email address :
5. Nationality :
6. Caste :
 (State-whether belongs to SC/ST/OBC/General)
7. Date of Birth :
8. Educational Qualification :
 Pass Port
 Size Photo
9. Experience :
10. Attested copies of the following certificates are enclosed herewith:

1. Educational Qualification Certificate :
2. Experience Certificate :
3. Proof of Date of Birth :
 4. Caste Certificate, if applicable :
 5. Medical Certificate of disability :
11. Any other information.

Signature
Name of Candidate ●

# યુનિયન પબ્લિક સર્વિસ કમિશન

કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો હેઠળ કાર્યરત વિભાગોમાં રાજ્યપત્રિત અધિકારીઓની નિમણુંક માટે લાયકાત ધરાવતા ભારતીય નાગિરક ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૫-૧૦-૨૦૧૫**

**જગ્યાની સંખ્યા : ૩૮**

❑ **જગ્યાની વિગતો :**

♦ **જગ્યાનું નામ :** પ્રોફેસર (ઈકોનોમિક્સ)

♦ **વિભાગનું નામ :** નેશનલ ડિફેન્સ એકેડમી, ખડકવાસલા, પુણે, સંરક્ષણ મંત્રાલય.

♦ **જગ્યાની સંખ્યા :** ૦૧ (સામાન્ય)

♦ **વય મર્યાદા :** ૫૦ વર્ષ

♦ **શૈક્ષણિક લાયકાત : (A)** (i) An eminent scholar with Ph.D. qualifications (s) in Economics and published work of high quality, actively engaged in research with evidence of published work with a minimum of ten publications as books and/or research or policy papers. (ii) A minimum of ten years of teaching experience in University/College, and/or experience in research at the University/National Level Institutions/Industries, including experience of guiding candidates for research at doctoral level. (iii) Contribution to educational innovation, design of new curricula and courses and technology mediated teaching learning process. (iv) A minimum score of 400 points as stipulated in the Academic Performance Indicator (API) based Performance Based Appraisal System (PBAS) by the University Grants Commission (UGC) **OR (B)** An outstanding professional with established reputation in the relevant field, who has made significant contributions to the knowledge in Economics, to be substantiated by credentials. **DUTIES:** In addition to primary duty of teaching, a Professor would act as Head of Department. He/She would be responsible for ensuring proper coverage of the syllabus, conduct of examination, method of instructions and detailment of officers for various duties. He/She will be the sole custodian of the departmental infrastructure. He/She will exercise disciplinary control over the staff in the department and initiate Annual Performance Appraisal.

♦ **જગ્યાનું નામ :** આસિ. પ્રોફેસર્સ (સર્જરી)

♦ **વિભાગનું નામ :** કેન્દ્રિય સ્વાસ્થ્ય સેવામાં ટીચીંગ સ્પેશ્યાલિસ્ટ સબ કેડર, કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

♦ **જગ્યાની સંખ્યા :** ૧૦ (અ.જા.-૦૧, અ.પ.વ.-૦૪, સામાન્ય-૦૫)

♦ **વય મર્યાદા :** ૪૦ વર્ષ

♦ **શૈક્ષણિક લાયકાત : (A) EDUCATIONAL:** (i) A recognized MBBS degree qualification included in the First Schedule or the Second Schedule or Part-II of the Third Schedule (other than licentiate qualifications) to the Indian Medical Council Act, 1956 (102 of 1956). Holders of educational qualifications included in Part-II of the Third Schedule should also fulfill the conditions stipulated in sub-section (3) of section 13 of the Indian Medical Council Act, 1956 (102 of 1956). (ii) Post-Graduate degree in the concerned specialty or Super-speciality i.e. Master of Surgery (Surgery), Master of Surgery (General Surgery).**(B) EXPERIENCE:** At least three years' teaching experience as Senior Resident or Tutor or Demonstrator or Registrar in the concerned Specialty or Super-speciality in a recognized teaching institution after obtaining the first Post graduate degree. **DUTIES:** i) To impart theoretical and practical instructions to under-graduate/post-graduate medical students. ii) To conduct and guide research work in the speciality. iii) To render patient care in the speciality. iv). Any other duties that may be assigned by the authorities from time to time. **ANY OTHER CONDITIONS:** (i) Private practice of any kind whatsoever shall not be allowed including any consultation and laboratory practice. (ii) The candidate selected will, if so required shall be liable to serve in any Defence service or post connected with the Defence of India, for a period not less than four years including the period spent in training, if any : Provided that such officer shall not (a) be required to serve as aforesaid after the expiry of ten years from the date of appointment or from the date of joining the service, (b) Ordinarily be required to serve as aforesaid after attaining the age of 45 years. four years including the period spent in training, if any : Provided that such officer shall not (a) be required to serve as aforesaid after the expiry of ten years from the date of appointment or from the date of joining the service, (b) Ordinarily be required to serve as aforesaid after attaining the age of 45 years.

♦ **જગ્યાનું નામ :** આસિ. પ્રોફેસર્સ (ફિઝિકલ મેડીસીન એન્ડ રિહેબિલીટેશન)

♦ **વિભાગનું નામ :** કેન્દ્રિય આરોગ્ય સેવા અને ટીચીંગ સ્પેશ્યાલિસ્ટ સબ કેડર, કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

♦ **જગ્યાની સંખ્યા :** ૦૯ (અ.જા.-૦૧, અ.પ.વ.-૦૪, સામાન્ય-૦૪)

♦ **વય મર્યાદા :** ૪૦ વર્ષ

♦ **શૈક્ષણિક લાયકાત : (A) EDUCATIONAL:** (i) A recognized MBBS degree qualification included in the First Schedule or the Second Schedule or Part-II of the Third Schedule (other than licentiate qualifications) to the Indian Medical Council Act, 1956 (102 of 1956). Holders of educational qualifications included in Part-II of the Third Schedule should also fulfill the conditions stipulated in sub-section (3) of section 13 of the Indian Medical Council Act, 1956 (102 of 1956). (ii) Post- Graduate degree in the concerned specialty or Super-speciality i.e. Doctor of Medicine (Physical Medicine and Rehabilitation); or Doctor of Medicine (Medicine) with Diploma in Physical Medicine and Rehabilitation; or Master of Surgery (General Surgery) or Master of Surgery(Orthopaedics) with two years special training in the Speciality in Physical Medicine and Rehabilitation (Rehabilitation Medicine) or two years of equivalent training approved in the subject in any approved institution in India. . **(B) EXPERIENCE:** At least three years' teaching experience as Senior Resident or Tutor or Demonstrator or Registrar in the concerned Specialty or Super-speciality in a recognized teaching institution after obtaining the first Post graduate degree. **DUTIES:** i) To impart theoretical and practical instructions to under-graduate/post-graduate medical students. ii) To conduct and guide research work in the speciality. iii) To render patient care in the speciality. iv) Any other duties that may be assigned by the authorities from time to time. **ANY OTHER CONDITIONS:** (i) Private practice of any kind whatsoever shall not be allowed including any consultation and laboratory practice. (ii) The candidate selected will, if so required shall be liable to serve in any Defence service or post connected with the Defence of India, for a period not less than four years including the period spent in training, if any : Provided that such officer shall not (a) be required to serve as aforesaid after the expiry of ten years from the date of appointment or from the date of joining the service, (b) Ordinarily be required to serve as aforesaid after attaining the age of 45 years.

♦ **જગ્યાનું નામ :** આસિ. લેજિસ્લેટીવ કાઉન્સેલ (કન્નડ)

♦ **વિભાગનું નામ :** ઓફિશીયલ લેંગ્વેજીસ વીંગ, કાયદો અને ન્યાય મંત્રાલય, લેજિસ્લેટીવ ડિપાર્ટમેન્ટ

♦ **જગ્યાની સંખ્યા :** ૦૧ (અ.પ.વ.)

♦ **વય મર્યાદા :** ૪૩ વર્ષ

♦ **શૈક્ષણિક લાયકાત :**

**(A) EDUCATIONAL: (A) (i)** Master's degree in Law (LLM) from a University established or incorporated by or under a Central Act; a Provincial Act or a State Act or any institution for higher education deemed to be a University by the Central Government or any other institution or foreign University approved by the Central Government; and **(ii)** Should have been a member of State Judicial Service for a period of five years **Or** Should have held a post in the Legal Department of a State Government for five years **Or** Should have been a Central Government Servant who has had experience in Legal Affairs for five years Or Should have been a qualified legal practitioner* who has practiced as such for five years **Or** Should have been a teacher of Law for five years in a recognised Institution **Or** Should have five years' experience of translation into **Kannada Language** of statutes, statutory rules and orders in Central Government or State Government **Or** Should have five years' experience of drafting of statutes in Central Government or State Government **OR (B) (i)** Bachelor's Degree in Law (LLB) from a University established or incorporated by or under a Central Act; a Provincial Act or a State Act or any institution for higher education deemed to be a University by the Central Government or any other institution or foreign University approved by the Central Government; and **DESIRABLE: i)** Five years' experience of legislative drafting in **Kannada language** in Central or State Government. **ii)** Bachelor's degree from a University established or incorporated by or under a Central Act; a Provincial Act or a State Act or any institution for higher education deemed to be a University by the Central Government or any other institution or foreign University approved by the Central Government with **Kannada language** as a subject or medium at degree level. **DUTIES:** Preparation of authenticated translation of Central Statutes, Statutory Rules and Regulation etc. in Kannada language and give general assistance to Joint Secretary and Legislative Counsel (Official Languages Wing). **HQ:** New Delhi.

♦ **જગ્યાનું નામ :** નોટીકલ સર્વેયર-કમ-ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ્સ (ટેકનિકલ)

♦ **વિભાગનું નામ :** શીપીંગ મંત્રાલય, ડાયરેક્ટોરેટ ઓફ શીપીંગ

♦ **જગ્યાની સંખ્યા :** ૧૫ (અ.જા.-૦૧, અ.જ.જા.-૦૨, અ.પ.વ.-૦૫, સામાન્ય-૦૭)

♦ **વય મર્યાદા :** ૫૦ વર્ષ

♦ **શૈક્ષણિક લાયકાત : (A) EDUCATIONAL:** Certificate of Competency as Master of a Foreign Going Ship as recognized by the Government of India. **(B) EXPERIENCE:** Five years service as Deck officer, after obtaining the certificate of competency of second mate (Foreign Going), of which one year must have been in capacity of a Master on a Foreign going ship. **DESIRABLE:** (i) Extra Master's Certificate of Competency; or Master of Science Degree in Maritime Affairs awarded by a recognized University. (ii) Experience in survey and inspection of merchant ships and examination work for one year or more on the date of submission of application to the Union Public Service Commission. **DUTIES:** Work in connection with Survey and Inspection of Ship and examination of master and mates in Mercantile Marine Departments, implementation of ISPS code, Port State Control etc. and other duties arising under M.S. Act, 1958 and Rules and order made there under. **HQ:** DGS, Mumbai but liable to serve anywhere in India.

♦ **જગ્યાનું નામ :** વેટરનીટી ઓફિસર્સ

**વિભાગનું નામ :** ગર્વન્મેન્ટ ઓફ નેશનલ ટેરીટરી ઓફ દિલ્હી, ડેપલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ, એનિમલ હસબંડરી યુનિટ

**જગ્યાની સંખ્યા :** ૦૨ (સામાન્ય)

➔

# ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે આયોગ દ્વારા તા. ૧-૧૦-૨૦૧૫ (૧૩.૦૦ કલાક) થી તા. ૧૬-૧૦-૨૦૧૫ (૧૩.૦૦) કલાક સુધી નીચે દર્શાવેલ જગ્યાઓ માટે ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓ માટેની જાહેરાતની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામાં આવી છે. જયારે બાકીની વિગતો જેવી કે કેટેગરીવાઈઝ જગ્યાની કુલ સંખ્યા, ઉંમરમાં છૂટછાટ વગેરે, આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધી જ સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિષયનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | |
| | | | સામાન્ય | સા.શૈ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન.જાતિ | સામાન્ય | સા.શૈ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન.જાતિ |
| ૫૬/ ૨૦૧૫૧૬ | સરકારી ઈજનેરી કોલેજો ખાતે આચાર્ય, ગુજરાત શિક્ષણ સેવા, (કોલેજ શાખા) વર્ગ-૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**નોંધ :** ઉક્ત જગ્યાઓ પૈકી કોઈ પણ જગ્યા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત નથી. પરંતુ OA, OL, BL, B અને LV અને HH કેટેગરીમાં ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધી અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. આ સિવાયની અન્ય -કારની અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

**જા.ક્ર.૫૬/૨૦૧૫૧૬ ની શૈક્ષણિક લાયકાત અને અનુભવ :**

1. (A) Possess a Ph. D. Degree in Engineering or Technology with Bachelor's and Master's Degree of appropriate branch in Engineering or Technology with first class either at Bachelor's or Master's level obtained from any of the universities established or incorporated by or under the Central or State Act, in India, or any other educational institution recognized as such by the Government or declared as deemed to be a University under section 3 of the University Grant Commission Act, 1956; and

(B) (i) have about ten years experience before or after acquiring the Ph. D. degree on the post not below the rank of Professor in Government Engineering College; or (ii) have about ten years combined or separate experience in teaching or research or industry out of which about three years experience on the post of Professor in Government Engineering College or on the post equivalent to the post of Professor in Government College; or (iii) have about thirteen years combined or separate experience in teaching or research or industry.

**Explanation:-**

(1) In case of teaching experience the same shall be considered before or after acquiring the Ph. D. degree

(2) In case of research experience, good academic record and books/research paper publication/ Intellectual Property Rights (IPR)/patent record shall be required as deemed fit by the the Gujarat Public Service Commission.

(3) Equivalence for Ph. D. is based on publication of five international Journal papers, each Journal having a cumulative impact index of not less than 2.0, with incumbent as the main author and all five publications being in the author's area of specialization.

નોંધ : સંબંધિત ઉમેદવારોએ અરજી સાથે સંબંધિત જર્નલના 'Cumulative Impact Index'ના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.

(4) Experience at diploma institution is also considered equivalent to experience in degree level institution of appropriate level as applicable.

(5) If a class or division is not awarded, minimum aggregate 60% marks shall be considered equivalent to first class or division.

(6) If a grade point system is adopted the Cumulative Grade Point Average (CGPA) shall be converted in equivalent marks as below :-

| Grade Point | Equivalent Percentage |
|---|---|
| 6.25 | 55% |
| 6.75 | 60% |
| 7.25 | 65% |
| 7.75 | 70% |
| 8.25 | 75% |

2. Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

3. Possess adequate knowledge of Gujarati or Hindi or both.

નોંધ : (૧) જો જાહેરાતમાં દર્શાવેલ જગ્યા કરતા મળેલ અરજીઓની સંખ્યા વધુ હશે તો, જરૂર જણાયે તો આયોગ દ્વારા -ાથમિક કસોટી યોજવામાં આવશે. જો આયોગ દ્વારા જગ્યાની સંખ્યા અને મળેલ અરજીઓની સંખ્યા ધ્યાને લેતા -ાથમિક કસોટી યોજવાનો -સંગ ઉપસ્થિત થશે તો, -ાથમિક કસોટીના ગુણ ફક્ત રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરવાના હેતુ માટે જ ધ્યાનમાં લેવામાં આવશે. -ાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (૨) વિદેશની યુનિવર્સિટીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેઓની પદવીની માન્યતા તથા સમકક્ષતા અંગે જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે. (૩) જે યુનિ. દ્વારા ટકાવારી આપવામાં આવતી નથી તેવા ઉમેદવારોએ ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા / આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**જા.ક્ર.૫૬/૨૦૧૫૧૬નો પગાર ધોરણ :** રૂ. ૩૭,૪૦૦ ૬૭,૦૦૦ ગ્રેડ પે રૂ. ૧૦,૦૦૦/ જા.ક્ર.૫૬/૨૦૧૫૧૬ની **ઉંમર** : ૪૭ વર્ષથી વધુ નહીં.

**નોંધ :** ૫૬/૨૦૧૫૧૬ ની જાહેરાતોમાં ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ અરજીપત્રક જરૂરી બિડાણોની નકલ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ, પહેલો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ કચેરીમાં તારીખ૨૭/૧૦/૨૦૧૫ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે અથવા રૂબરૂમાં આપી જવાના રહેશે.

**જા.ક્ર.૪૮/૨૦૧૫૧૬ના સંબંધમાં ખાસ નોંધ :** સરકારી ઈજનેરી કોલેજો ખાતે ગણિતશાસ્ત્ર વિષયના -ધ્યાપકની જગ્યાએ ભરતી સંબંધમાં તારીખ - ૨૩/૦૯/૨૦૧૫ના રોજ આયોગ દ્વારા -સિધ્ધ થયેલ જા.ક્ર.૪૮/૨૦૧૫૧૬ અન્વયે શૈક્ષણિક લાયકાત અંગેની વિગતમાં મુદ્દા નં. ૧(A) માં '...institution recognized by the Government...' દર્શાવેલ છે. તેના બદલે 'institution recognized as such by the Government...' તેમ સમજવું.

●

➔

**વય મર્યાદા :** ૩૫ વર્ષ

**શૈક્ષણિક લાયકાત :** i) A recognized Veterinary qualification included in the first schedule or second schedule of the Indian Veterinary Council Act, 1982 *(Number 52 of 1984). ii) Should be registered with the State Veterinary Council or Indian Veterinary Council. **DESIRABLE:** Professional experience related to dairy/ cattle/poultry. **DUTIES:** i) Treatment of all sick livestock and to do artificial insemination for improvement of cattle. ii) Prophylactic vaccination against contagious diseases of livestock and poultry. iii) To render veterinary aid and cover in the event of natural calamity. iv) To issue Health Certificate in insured cattle and perform postmortem in Veterolegal cases. v) To do extension work of Animal Husbandry Unit in the field. **HQ:** Delhi. Incumbents selected are required to be posted in Veterinary Hospitals/Veterinary Dispensaries located in Delhi State.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

ઉમેદવારોએ યુ.પી.એસ.સી.ની વેબસાઈટ http://www.upsconline.nic.in ઉપર તા. ૧૫-૧૦-૨૦૧૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની છે.

જાહેરાતની વધુ વિગતો માટે યુ.પી.એસ.સી.ની વેબસાઈટ http://www.upsc.gov.in જોવી.

●

# કંડલા સ્પેશિયલ ઈકોનોમી ઝોન ઓથોરીટી : ગાંધીધામ (કચ્છ)

## ગનમેન / સિક્યુરીટી ગાર્ડની કરાર આધારીત ભરતી

કંડલા સ્પેશિયલ ઈકોનોમી ઝોન ઓથોરીટી દ્વારા ગનમેનની ૦૮ અને સિક્યુરીટી ગાર્ડની ૨૨ જગ્યાઓ બે વર્ષ માટે કરાર આધારીત ભરવા માટે એક્સ સર્વિસમેન અથવા સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સિસ (CAPF) ના નિવૃત્ત જવાનો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

બે વર્ષના કરાર આધારિત આ નિમણૂંક ઉમેદવારની ઉંમર ૫૫ વર્ષ થાય અથવા બે વર્ષ એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે. બે વર્ષની અવધિ પૂર્ણ થવા પૂર્વે જો મંજૂરી મળશે તો વધુ બે વર્ષ અથવા ૫૫ વર્ષની વય થાય ત્યાં સુધી લંબાવી શકાશે. પરંતુ તે માટે ઉમેદવારનું પ્રદર્શન સારું હશે અને સિક્યુરીટી ઓફિસર અને જોઈન્ટ ડેવલપમેન્ટ કમિશનર દ્વારા ભલામણ કરવામાં આવી હશે તો જ વધુ બે વર્ષની મુદતનો લાભ મળી શકશે.

❑ **યોગ્યતાના ધોરણો :**

